દેવતાઇ કામો

તથા

તેવાં કામો કરવાની શક્તિ

આપનારી યુક્તિ.

છપાવી પ્રસિદ્ધ કર્તા.

માસ્તર નાનાલાલ મગનલાલ.

જાદુ મંત્રનાં પુસ્તકો વેચનાર

ઠેકાણું-રીચીરોડની સડક ઉપર-અમદાવાદ.

શ્રી "સત્યસાગર" પ્રિન્ટીંગ પ્રેસ.—અમદાવાદ.

આવૃત્તિ ૧ લી   પ્રત ૫૦૦   સને ૧૯૧૦

કિમ્મત ચાર આના

૨૮૫

દેવતાઈ કામો

કરનારા ગેબી મદદગારો.

આ જગતમાં ગેબી મદદગારો વસે છે, તે બાબત અસલના લોકો માનતા હતા, અસલના લોકોને તે બાબતમાં પુરેપુરો વિશ્વાસ હતો, પણ હાલના સમયમા પશ્ચિમના જડવાદના વિચારોનો વિશેષ ફેલાવો થવાને લીધે લોકોને તે બાબતમા બરાબર શ્રદ્ધા રહી નથી, અને કેટલાક તો એમ પણ કહેતા બ્હાર પડે છે કે,

દેવ ગયા ડુંગરે, પીર ગયા મક્કે,
અંગ્રેજના રાજમા કેડ મારે ધક્કે

દેવો અને ફીરેસ્તાઓ તો તેના તેજ છે. હાલ પણ તેઓ પ્રથમના જેવુંજ કાર્ય કરેછે, પણ લોકોને તેમની હયાતીમા વિશ્વાસ નહિ હોવાથી અગાઉની માફક તેઓ ખુલ્લી રીતે કાર્ય કરતા નથી જેમ જેમ લોકોની વિશેષ શ્રદ્ધા થતી જશે, જેમ જેમ લોકો દેવોની હયાતીમા અને તેઓના પરોપકારી કાર્યમાં વિશ્વાસ રાખતા થશે, તેમ તેમ દેવો અસલની માફક લોકોની સાથે વધારેને વધારે પરિચયમા આવતા જશે, અને ખુલ્લી રીતે પોતાના પરોપકારના કામો કરતા જશે.

જુના વખતથી લોકો દેવોની હયાતીમાં અને

તેઓના બીજા પર ઉપકાર કરનારા કાર્યમા માનતા આવ્યા છે. હિંદુઓ તેમને દેવો કહે છે, પારસીઓ અને મુસલમાનો તેમને ફીરેસ્તા તરીકે જણાવે છે, યુરોપીયનો તેમને એન્જલ અથવા દેવદુત તરીકે ઓળખાવે છે આપણે ગમે તે નામ આપીએ, છતા આવા દેવદુતો હયાત છે, એ બાબતનો ચોક્કસજ છે

જે લોકો જગતનો વ્યવહાર અને જગતમા બનતા બનાવોનો બારીક અભ્યાસ કરે છે, તેઓતો એવા અનુમાન પર આવેલા છે કે આ બધા બનાવોમા થોડે ઘણે અંશે દેવોનો હાથ રહેલો છે આપણી અશ્રદ્ધાથી દેવો કામ કરતા અટકી પડયા નથી

આ બાબતના પુરાવા અને કેટલાક હાલના સમયમા બનેલા દાખલાઓ ટાંકીએ તે પહેલા તેના સંબંધમા ઉપજતી અનેક શંકાઓનુ સમાધાન કરવુ એ વાજબી ગણાશે.

કેટલાક એમ કહેવા બહાર પડે છે કે જો દેવો મદદ કરતા હોય અને તેઓ કેટલાકને મદદ કરે અને કેટલાકને ન કરેતો તેઓ પક્ષપાતી ઠરે, અને જો દેવો પક્ષપાતી ઠરેતો પછી જગતમા ન્યાય ક્યા રહ્યો ?

આ શંકા ગેર સમજથી ઉઠેલી છે. જે નીચેનુ લખાણ વાચનાર સહેજ સમજી શકશે

તમારા પૂર્વે કરેલા કર્મો પ્રમાણે દેવો તમને મદદ કરે છે. જો તમે પહેલા સારાં કર્મો કર્યા હોય, તો દેવો

તમને સહાય આપે છે. તમે પૂર્વ ભવમાં સારા કામ કર્યા હોય તોજ દેવો તમને મદદ કરે એમ નથી આ ભવમાં પણ જો તમે દેવોની પ્રાર્થના કરો, દેવોની બંદગી કરો અને તેમના પર ભક્તિ સાથે વિશ્વાસ રાખો તો તે તમારી પ્રાર્થના, બંદગી અને ભક્તિરૂપી સારાં કાર્યોથી તમે દેવોનું ધ્યાન તમારા તરફ ખેંચો છો, અને દેવો તમને સહાયભૂત થાય છે. તમારી બંદગીનું બળ પાછલા કર્મોને તોડી નાખે છે જો પાછલા કર્મ બહુ જોરાવર હોયતો વિશેષ બંદગી અને પ્રાર્થનાની જરૂર પડે છે તેથી તે કર્મ તુટી જાય છે, અને દેવો પોતાના રક્ષણ કરનારા હાથ તમારા ભણી લંબાવે છે. આ ઉપરથી, જે જેટલાને લાયક હોય તેટલું તેને તેઓ આપે છે જો વધારે જોઈતું હોયતો વધારેને લાયક થાઓ. અંગ્રેજીમાં કહેવત છે (Deserve before you desire) કોઈપણ વસ્તુની ઈચ્છા કરો તે પહેલાં તે મેળવવાને લાયક બનો. લાયક બનશો એટલે જરૂર દેવો તમને મદદ કરશે.

બીજી શંકા એ ઉભી થાયછે કે જો દેવો મદદ કરતા હોય તો શા સારૂ તેઓ આપણી નજરે પડતા નથી ? માટે દેવો છેજ નહિ.

આવું કહેનારા પણ મોટી ભુલ કરે છે. દેવો જ્યાં સુધી જગતનો કોઇ પણ માણસ મળી આવે ત્યાં સુધી તેની મારફતે કામ કરે છે પણ જો કોઇ પણ ન મળી આવે, છતાં મદદની જરૂર હોયતો જાતે મનુષ્યરૂપ ધારણ કરી તેઓ આવે છે, અમુક કાર્ય કરે છે અને પછી ચાલ્યા જાય

છે (અદૃશ્ય થાયછે). દાખલો આપી આપણે આ વાત સિદ્ધ કરીશું. ધારો કે એક ભીખારી ઘણી ખરાબ હાલતમાં છે, તે દેવની બંદગી કરે છે. દેવ બંદગી સાભળે છે, તે બંદગીના બળથી તેનું ખરાબ કર્મ તુટી ગયેલુંછે હવે તેને મદદ મળવીજ જોઇએ પ્રથમતો તે દેવ તે રસ્તે જનારા તેમજ દયાળુ હ્રદયના દરેક પુરૂષને તે ગરીબ ભિખારીને કાંઇક આપવા સુચવશે. ઘણુંખરૂ તો કોઇને કોઇક દાતાર મળી આવશે, અને દેવને કરવાનુ કામ તે કરશે. છતા ધારોકે કોઇ પણ મનુષ્ય ન મળી આવ્યો તો પછી તે દેવ પોતે મનુષ્યનુ રૂપ ધારણ કરી તેને કાઇક આપશે, અથવા તો દાનમા કાંઇક આપી શકે તેવા પુરૂષો ભણી તે ગરીબને જવા પ્રેરણા કરશે. ગમે તેમ કરોને ગરીબનુ દુઃખ તે ટાળશે.

દેવો આ પ્રમાણે જગતના લોકોને મદદ કરે છે, એટલુંજ નહિ પણ મરણ પામેલાઓને તેઓ હદ બ્હારની સહાય આપે છે. મરણ પછીની સ્થિતિમા મદદ કરવાનુ કામ તેઓને બહુ સહેલું પડે છે. દેવોના શરીર અને મરણ પામેલા જીવોના શરીર બને એકજ પ્રકારની સૂક્ષ્મ પ્રકૃતિના બનેલા હોવાથી દેવો આ જગતના લોકો કરતા તેમને વધારે સારી મદદ કરી શકે છે. મરણ પછી ગભરાઇ જતા, નવી દુનિયા દેખી ચમકી જતા, અને અનેક પ્રકારના ઉચાટમાં પડેલા મરણપામેલા જીવોને તેઓ જે મદદ કરે છે, તેનું વર્ણન શબ્દોમાં થઈ શકે તેમ નથી.

આ મદદ કરવાનુ કામ કોણ કરી શકે એ પણ એક વિચારવા જેવો પ્રશ્ન છે. દેવો મદદ કરે છે, તેમજ આ પૃથ્વી ઉપર વસતા કેટલાક મનુષ્યો જેઓના આત્માની ગુપ્ત શક્તિઓ ખીલેલી હોય છે, તેઓ પણ આ કામમાં બહુ સારી મદદ કરે છે. અસલમાં બ્રાહ્મણો આ કામ કરતા હતા, માટે તેઓ ભૂદેવ (પૃથ્વી ઉપરના દેવ) કહેવાતા હતા. પણ હવે તો તેઓ મિષ્ટાન્ન જમવામાંજ સતોષ માનતા જણાય છે. છતાં આ જગતમાં એવા પણ રડયા ખડયા મહાપુરૂષો મળી આવે છે કે જેઓ ખરેખર આ પૃથ્વી પર વસવા છતા દેવોનું કામ કરે છે. તેવા બે ભૂદેવો તો આ લેખકની જાણમાં છે. તેવા મોટા પુરૂષો તથા દેવો ઘણા ઘણા અદ્‌ભૂત અને પરોપકારી કાર્યો કરેછે

કેટલીકવાર એમ બને છેકે મરણ પામેલા કેટલાક મનુષ્યોને કોઇને કોઇ પ્રકારની ચિંતા હોય છે. કાઇ કામ કરવુ અધુરૂ રહી ગયુ હોય, કાઈ દેવું વાળવાનું રહી ગયુ હોય અથવા તો પોતાની સ્ત્રી કે છોકરાંની સભાળના સબધમા કાંઇ કહેવાનુ રહ્યુ હોય તો તે જીવ તે બાબત પોતાના સગાને જણાવવાને બહુ આતુર હોય છે. તે મરણ પામેલા મનુષ્યને સતોષ આપવાને અને તેના માર્ગે આગળ જાય એમ કરવાને ઉપર જણાવેલા ભૂદેવો ઘણીવાર આ જગતમા તેના પ્રતિનિધિ તરીકે કામ કરે છે. જયારે તેની ધારણા પાર પડે છે, ત્યારે તે સંતોષ પામી

પ્રેતલોકમાંથી પિતૃલોકમાં જાય છે, અને ત્યાંથી તે આગળ ધીમે ધીમે સ્વર્ગલોકમાં જાય છે. આ બાબતનો એક દાખલો અત્રે જણાવવામા આવે છે

લડનના પરામાં કામ કરતો એક મજુર બે છોકરાને નિરાધાર અને મા વગરના મુકી મરી ગયો. તેના મરણ પછીને બે છોકરાની સભાળ કરનાર કોઇ નથી, એ વિચારમા તેનુ મન એટલુ બધું ગરક થઇ ગયુ હતું કે તે આગળ વધી શકયો નહિ. તે મજુર હતો અને વિલાયતમા ખર્ચ પુષ્કળ હોવાથી તે કાઇ પણ ધન બચાવી શકયો નહતો. તેની સ્ત્રી અગાઉ મરણ પામી હતી. અને જે ઘરમાં તે રહેતો ત ઘરની માલીક બાઈ જોકે બહુ દયાળુ અન્ત કરણની હતી છતાં આ બે છોકરાને દત્તક લેઇ ઉછેરી શકે એવી પૈસા સબધી તેની સ્થિતિ નહતી. તેથી તેણી ના ખુશીથી એવા ઠરાવપર આવી હતી કે અનાથાશ્રમમાં તે બે છોકરાને આપી દેવા. આથી તે મરણ પામેલા પિતાને અત્યત દુઃખ થતું હતું, જોકે તે ઘરની માલીક બાઇને ઠપકો આપતો નહતો છતા શુ કરવુ તે તેને સુઝતું નહતુ

આપણા ગેબી મદદગારે તે પિતાને પુછયુ " જેને તમે આ છોકરાઓ નિર્ભયરીતે સોપી શકો એવો કોઇ તમારો સ્વજન છે ? "

તે મરણ પામેલાએ જવાબ આપ્યો. 'એવો તો કોઇ મારો સગો નથી પણ મારે એક નાનો ભાઇ હતો, અને જો હુ આવી સ્થિતિમા છુ એમ તેને ખબર પડે તો જ-

રૂર મદદ કર્યા વિના તે રહે નહિ પણ છેલ્લા પંદર વર્ષથી તે મને છોડી ચાલ્યો ગયો છે, અને હાલ તે કયા રહે છે, અથવા જીવે છે કે મરી ગયો છે, તેની પણ મને ખબર નથી. છેલ્લીવાર જ્યારે મને પત્ર મળ્યો ત્યારે એવી ખબર પડી હતી કે તે સુતારને ત્યા નોકર તરીકે રહેલો છે, પણ હોશીઆર અને મહેનતુ હતો અને જો બરાબર રીતે તે ચાલ્યોહશે તો અત્યારે તેનુ કારખાનુ સારી રીતે ચાલતુ હશે.

આટલા ઉપરથી તેના ભાઈને શોધી કાઢવો એ કામ સહેલુ નહતુ, છતા તે બિચારા નિરાધાર બાળકોની તેમજ તેના પિતાની દયામણી સ્થિતિ ખાતર તે કામ તે મદદગારે મન ઉપર લીધુ. તે મરણ પામેલાને સાથે લેઈ તે મદદગાર પોતાના સૂક્ષ્મ શરીરમા શોધવા નીકળ્યો અને ઘણી મહેનતે અને ઘણા કલાક સુધી શોધ કર્યા પછી તે ભાઇ માલુમ પડયો,

અત્યારે તે પોતેજ મોટો સુતાર બનેલો હતો અને ઘણ. મેકરો તેના હાથ નીચે કામ કરતા હતા. તેની પૈસા સબધી સ્થિતિ સારી હતી. તે પરણેલો હતો, છોકરાંની તે બહુ ઈચ્છા કરતો હતો પણ તેને છોકરૂ છૈયુ ન હતું ટુકાણુમાં કહીએતો આ કામને બરાબર બંધ બેસતો આવે તેવો તે મનુષ્ય હતો.

હવે તેને ખબર શી રીતે આપવી એટલોજ સવાલ હતો. સારા ભાગ્યે તે નિર્મળ હૃદયનો હતો અને તેથી આપણા મદદગારે ત્રણ રાત્રી સુધી તેને સ્વપ્ન આપ્યાં અને સ્વપ્ન મારફતે તેને સૂચવ્યુ કે " તારો ભાઈ મરી

ગયો છે, તેના બે છોકરા નિરાધાર સ્થિતિમાં છે, તે અ-મુક ગામમાં અમુક સ્ત્રીને ત્યાં રહેલા છે માટે તું ત્યાં જા અને તેમને લાવીને ઉછેર” આવો ભાવાર્થ જે રીતે તેના મનપર ઠસે તેવાં સ્વપ્નાં આપ્યાં. આ સ્વપ્નાની તેને એટલી બધી અસર થઇ કે તેણે પોતાની સ્ત્રીને તે સ્વપ્નની હકીકત કહી, તેણીએ તે શરનામે પુછાવવા કહ્યું, પણ તે તેને પસંદ પડયું નહિ. જાતેજ ત્યા જવાનો ને તે ઘર આગળ પુછપરછ કરવાનો વિચાર કર્યો. એવામા તેની સ્ત્રી બોલી ઉઠી “ સ્વપ્ન તો આળ પંપળ છે, એવા મગજના ખોટા ખ્યાલ સારૂ આખા દિવસનો રોજ શા સારૂ ખોવો ! માટે ત્યાં જશો કરશો નહિ ”

તેણે ત્યા જવાનો વિચાર માંડી વાળ્યો. આ રીતે જ્યારે તે મદદગાર પોતાના કામમા ફતેહમંદ ન નીવડયો, ત્યારે તેણે બીજી યુક્તિ પસંદ કરી આ પૃથ્વી ઉપર વસતા તે મદદગારે એક કાગળ તેના ભાઈ ઉપર લખ્યો અને તે કાગળમા સ્વપ્નમા તેણે જે જોયું હતું તેવી બધી બાબત અને છોકરાઓની સ્થિતિ વગેરે લખી મોકલ્યું આ કાગળ મળતાજ તેના સ્વપ્નાની તેને ખાત્રી થઇ, અને જરા પણ વિલંબ ન કરતા તે ચાલી નીકળ્યો અને જ્યાં તેના ભાઇના બે છોકરા રહેતા તે ઘર આગળ આવી પહોચ્યો. તે ઘરની માલીક સ્ત્રીએ તેને સારો આદર સત્કાર આપ્યો. આટલા દિવસ સુધી તે મદદગારે સ્વપ્ન મારફતે તે ડા-

શીને પણ સૂચવ્યું હતું કે કોઇને કોઇ માણસ આવી તે છોકરાંને તેડી જશે, માટે તેટલા થોડા દિવસ સુધી તમે છોકરાંને સાચવી રાખજો, આ કારણથીજ તે ડોશીએ છોકરાંઓ અનાથ ગૃહમાં મોકલી દીધા નહતાં. તે છોકરાનો કાકો તેમને પોતાને ઘેર લેઇ ગયો, અને પોતાને છોકરૂં ન હોવાથી, તેમને તે પોતાના પેટના છોકરાની માફક પાળ્યા. તે મરણ પામેલો પિતા પણ હવે ચિંતા રહિત થયો અને આનંદ પામી આગળ ચાલ્યો ગયો. આવી ગુપ્ત રીતે દેવો કામ કરે છે.

મરણ પામેલાને દેવે આપેલી સહાયનો દાખલો આપણે ઉપર વિચારી ગયા હવે જીવતાને તેઓ કેવી રીતે મદદ કરેછે, તે આપણે વિચારીએ.

એક વખતે મદ્રાસના નાના ગામડામા ખેડુત અને તેની સ્રી પોતાના ખેતીના કામમા રોકાએલાં હતા, અને તેઓનાં બે નાનાં છોકરા ખેતર બ્હાર રમતાં હતાં રમતમાં અને રમતમા તેઓ ઘણે દુર ચાલ્યા ગયા, અને ભુલા પડયા. જ્યારે આખા દિવસના કામથી કટાળી ગયેલા માબાપ પોતાને ઘેર પાછા આવ્યા, ત્યારે તેમને માલુમ પડયુ કે છોકરાઓ તો ઘેર નથી પણ ખોવાયા છે. પાડોશીઓના ઘરમાં તપાસ કર્યા પછી ચારે બાજુએ પોતાના નોકરોને સગા વ્હાલાંને અને આડોશી પાડોશીઓને તે છોકરાંની સભાળ કાઢવા દોડાવ્યા. તેઓએ ચારે બાજુએ તપાસ કરી, પણ કાંઈ પત્તો લાગ્યો નહિ, તેથી તેઓ

નિરાશ થઇ પાછા ફર્યાં, તેવામા આઘેથી તેઓએ કાઇક પ્રકારનો પ્રકાશ ખેતરમાં થઈ મુખ્ય માર્ગપર આવતો જોયો. તે સાધારણ દીવાના પ્રકાશ જેવો ન . પણ ગોળા જેવુ કાઇ ચળકતું હતું. તેવા તે પ્રકાશમા ...ઊા પડેલાં છોકરા આ બધા મનુષ્યોની નજરે પડયાં તે છોકરાઓનો બાપ અને તેના સોબતીઓ એકદમ તે પ્રકાશ ભણી દોડયા જ્યા સુધી તેઓ તે છોકરાની નજદીક આવી પહો ચ્યા, ત્યા સુધી તે પ્રકાશ ચાલુ રહ્યો, પણ જેવા તેઓએ તે છોકરાને હાથમા લીધા કે પ્રકાશ અદ્રશ્ય થયો અને તેઓ અધારામા ગોથા મારવા લાગ્યા

છોકરાંઓને પુછતા તેઓએ જવાબ આપ્યો કે રાત પડી ગઇ તેથી અમોએ જગલમા બુમો માર્યા કરી, પણ કોઇએ જ્યારે તે બુમ ન સાભળી, ત્યારે અમે ઝાડ તળે સુઈ રહ્યા તેવામા કોઇ સુદર સ્ત્રી હાથમા દીવા સહિત આવી. તેણે અમને જગાડયા હાથથી દોરી ઘર ભણી તે અમને લાવવા લાગી. જ્યારે અમે તેને કાઇ સવાલ પુછતા, ત્યારે તે હસતી હતી. પણ એક પણ શબ્દ બોલતી ન હતી! આ પ્રમાણે તે બે છોકરાઓએ વાત કરી અને ઉથલાવી ઉથલાવીને સવાલ પુછતા છતા તેઓ તો તે મતનેજ વળગી રહ્યા.

આ બનાવ એટલો બધો સ્પષ્ટ છે કે તેમા દેવે લીધેલા ભાગના સંબધમા વિશેષ સમજણ આપવાની જરૂર નથી.

બીજો એક ટુંક દ્રષ્ટાન્ત અમે અત્રે આપીએ છીએ.

થોડા સમય ઉપર એક પાદરીની પુત્રી તેની માની સાથે ફરવા ગઇ હતી, તેવામાં ખુણામાથી એક ગાડી દોડતી તેના ઉપર થઈ ચાલી ગઇ ઘોડાની ખરીઓથી તે ચગદાઈ ગઇ હશે એમ તેણી માએ ધાર્યું પણ તે હસતી હસતી ઉભી થઇ અને તેની માને કહ્યુ "હે માતા! મને જરા પણ ઇજા થઇ નથી. કોઇક તદ્દન ધોળા વસ્ત્ર પહેરેલી સ્ત્રીએ ઘોડાને મારા શરીર પર ફરી વળતા અટકાવ્યા અને "બ્હીતી નહિ" એમ મને પણ જણાવ્યુ "

આવા ઘણા દાખલા આપી શકાય, પણ હવે એક બે દાખલા આ સબંધમાં આપી અમે અટકીશું.

એક વકીલ જેની સ્ત્રી એક વર્ષ ઉપર મરણ પામી હતી તે પોતાના એક છોકરા અને છોડીને લેઇ પોતાના મિત્રને પાસેના ગામમા મળવા ગયો હતો તે બે છોકરાં તેમજ તેના મિત્રના છોકરા સાથે રમવા લાગ્યાં તેના મિત્રનું મકાન એક ભવ્ય મહેલના ખંડેરમાં આવેલુ હતું, અને તે ખંડેરના લાંબા અંધારા ગલીવાળા રસ્તામાં છોકરાઓ રમતા રમતા આગળ વધી ગયા, પણ ત્યાંથી તેઓ એકદમ પાછા દોડી આવ્યા અને તેમના પિતા પાસે ઉપર જઇ કહેવા લાગ્યા કે "અમને અમારી મા મળી, તેણે અમને કહ્યુ કે અહી આ રમશો નહિ, ઉપર જતા રહો એમ કહી તે અદ્રશ્ય થઇ ગઇ" પાછળથી તપાસ કરતા માલુમ પડયું કે તે ગલીવાળા માર્ગમાં ઉંડો કુવો હતો અને તે છોકરાઓ જરાક આગળ વધ્યા હોત તો

તરત કુવામાં પડી મરણ પામત. આ રીતે માને. નમ મરણ પછી છોકરાઓની સંભાળ રાખે છે.

હવે આ અણધારી મદદનો આ છેલ્લો દાખલો આપું છું. આ દાખલો આ લેખકના પોતાના પ્રસંગમાં બનેલો છે. હું અને મારો મિત્ર અમદાવાદની પાસેના ગામમાં ગયા હતા. ગામથી સ્ટેશન અર્ધો ગાઉ દૂર હતું. રાત પડી ગઈ હતી. રસ્તામાં અમે ભૂલ્યા પડયા. સ્ટેશન ન જડે તેમ ગામનો માર્ગ પણ ન જડે શુ કરવું તે સુઝયુ નહિ. મેં ઇષ્ટદેવની પ્રાર્થના કરી; બે ત્રણ મીનીટ થઈ નહિ એટલામાંતો બે ત્રણ ઠાકરડા તે રસ્તે થઈ જવા લાગ્યા. અમે તેમની પછવાડે ચાલ્યા પાચેક ડગલા અમે ગયા નહિ એટલામાતો અમારા પૂછયા સિવાય તેઓ બોલી ઉઠયા " તમારે સ્ટેશને જવુ હોય તો આ માર્ગે જાઓ, સ્ટેશન પાસે છે " અમે પાચ મીનીટ ચાલ્યા કે સ્ટેશન આવી પહોચ્યુ. આમા દેવે અમારી પ્રાથના સાભળી તે મનુષ્યો મારફતે અમને મદદ આપી. જો તે મનુષ્યો ન મળ્યા હોત, અને જો અમને મદદ મળવાનીજ હોત તો દેવો ગમે તે રીતે અમને સિધે માર્ગે મુકત

દેવો નાના છોકરાઓને, ભકતજનોને, સતીઓને તેમજ જુદા જુદા પ્રસગે જુદા જુદા મનુષ્યોને સહાય આપે છે. સતીઓનાં અને ભકતોના ચરિત્રો એટલા બધા પ્રસિદ્ધ હોવાથી તે સબધમા કાઇ પણ લખવાની જરૂર અમે વિચારતા નથી.

ઉપર જણાવેલા દૃષ્ટાન્તો ઉપરથી આપણને જણા-

ય છે કે દેવો અને ભૂદેવો બન્ને આ જગતને મદદ કરવાના કામમાં પોતા' શક્તિ પ્રમાણે ભાગ લે છે. આપણે પણ જો ભૂદેવ થઇ ન, જગતમાં રહેવા છતા દેવ જેવુ બીજાઓને મદદ નુ ઉત્તમ અને પવિત્ર કામ કરવુ હોય તો આપણા. યા સદ્દગુણો જોઇએ તે બાબત હવે આપણે વિચારીશું. તે દરેક ગુણની સંપૂર્ણ વ્યાખ્યા આ નાના લેખમા નહિ આપતાં તે ગુણોના નામ અને ટુક વ્યાખ્યા આપીશું. વિશેષ વર્ણન અમને લખી જણાવનારને અમે જણાવીશુ.

આવા ગેબી મદદગાર મારે થવુ છે એવો દૃઢ નિશ્ચય તેને રાખવો જોઇએ, અને જગતના બધા કાર્યો કરવા છતા આ કામને મન આગળથી જરા પણ ચુકવુ નહિ તેની સાથે બીજો ગુણ આત્મ સંયમ છે આપણા આત્મા આપણા કાબુમા એટલા બધો હોવો જોઇએ કે આપણુ ગમે તેવા ભયાનક બનાવો જોઇએ અથવા અવાજો સાભળીએ તો પણ જરા ગભરાવુ ન જોઇએ તેની સાથે મન પણ થોડે ઘણે અંશે વશ રાખવુ જોઇએ. જેનુ મન વશ નથી, જેનું મન એકાગ્ર નથી, તે કદાપિ આવા કામમા બીજાને મદદ કરી શકશે નહિ. તેનુ મન ઘડીકમા આડુ રખડશે અને ઘડીકમાં તાડુ રખડશે. તે મનુષ્ય ધારેલું કામ કદી સિદ્ધ કરી શકશે નહિ. સૂક્ષ્મ શરીરને અગ્નિ બાળી શકશે નહિ, પાણી ભીજવી શકશે નહિ, પર્વત હરકત કરી શકશે નહિ, એવી સંપુર્ણ ખાત્રી તેને રાખવી જોઇએ. વળી તેને ઇચ્છાઓને પણ કાબુમાં રાખવી જોઇએ. કારણ કે સૂક્ષ્મ ભુવનમા

મનુષ્ય જેની ઇચ્છા કરે તે વસ્તુ તેની નજર આ ગ તે જુએ છે. હવે જો આપણી ઇચ્છાઓ હલકી હોયતો હલકા પદાર્થો આપણી નજર આગળ આપણે એ, અને તેમા લોભાઇ જઈએ તેથી બીજાઓને સહાય નુ કામ થઇ શકે નહિ, વળી તે પુરૂષમા શાંતિ હો એ.

આવા ગેબી મદદગારોનુ ઘણુ કામ દુ ખી પામેલાઓને શાત પાડવાનુ અને આનદી બનાવવાનું હોય છે જે મનુષ્ય પોતેજ શાત કે આનદી ન હોય તો બીજાને શી રીતે તેવા બનાવી શકે ? આ જગતમા દુ ખ છે તે ક્ષણિક છે અને આત્માનો સ્વભાવ આનદમય છે એવી સપૂર્ણ શ્રદ્ધા રાખી, તથા જગતમા જે જે બનાવ બને છે, તે ભલાને વાસ્તે બને છે, એ સનાતન નિયમમા વિશ્વાસ રાખી આવા પુરૂષે સર્વદા આનદી રહેવુ. કારણ કે જેનામા આનદનો ઝરો સ્ફુરતો હોય તે પુરૂષ બીજાને થોડો ઘણો પણ આનદ આપી શકે.

આ બધા ગુણો કરતા વિશેષ અગત્યનો ગુણ સૂક્ષ્મ ભુવનનું જ્ઞાન છે. જ્ઞાન વગર મનુષ્ય બીજાને મદદ કરી શકે નહિ. જે પોતે બધાયેલા હોય તે બીજાને શી રીતે છોડવી શકે ? માટે મરણ પછીની સ્થિતિ સબધીના પુસ્તકો વાંચી તૈયાર રહેવુ જોઇએ. છેવટનો મોટામાં મોટો ગુણ પ્રેમ છે. દરેક પળે અને દરેક પ્રસગે બીજાનુ કલ્યાણ કરવાની તક શોધી બીજાઓને સહાય આપવા તત્પર રહી શકાય તેવો હદ વગરનો પ્રેમ આ ભવિષ્યમાં થનાર ગેબી

ર્ના હૃદયમાંથી વહેવો જોઇએ પ્રેમ એજ ઇશ્વર છે અને ઇશ્વર જ પ્રેમ છે. ખરા પ્રેમનુ બળ અતુલ છે. જ્યારે આવા ગુણ ઘણે અંશે તે મનુષ્યમાં ખીલે છે, ત્યારે કોઇ મહાત્મા તેને રાત્રિએ જગાડે છે, અને ગેબી મદદગારના મંડળમા દાખલ કરે છે. ત્યારથી તે દરરાત્રિએ પરોપકારનુ કોઇને કોઈ કાર્ય કરી શકે છે. જેમ જેમ વખત ચાલ્યો જાય છે, તેમ તેમ તેને સ્વપ્નમા કરેલા કાર્યોનુ ભાન રહેતુ જાય છે અને તે વખતે જે આનંદ તેના હૃદયમા સ્ફુરે છે, તે શબ્દોમા વર્ણવવાની આ લેખકની શક્તિ નથી આ કામ બહુ મોટુ છે તે કામને માટે લાયક થતા બહુ વાર લાગે, પણ તે અગાઉ પણ આપણે માઇને કાંઇ મદદનુ કામ તો કરી શકીએ.

આપણે જ્યારે ઉંઘીએ છીએ, ત્યારે આપણે નવો વિચાર કરતા નથી, પણ ઘણુ ખરૂ આપણા ઉંઘતી વખતના છેવટના વિચારમા મશગુલ થઇએ છીએ. માટે ઉંઘતી વખતે જો કોઈ દુઃખમા હોય તેને મદદ કરવાનો છેલ્લો વિચાર બહુ મજબુત કરીએ તો સ્થૂળ શરીરમાંથી છુટો થયેલો આત્મા તે ઈરાદો બર લાવશે, અને તેને મદદ મળશે. માટેજ ધર્મશાસ્ત્રો કહે છે કે ઉંઘતા પહેલાં મનને શુદ્ધ કરો અને સારા મદદના પરોપકારના વિચાર કરી સુઈ જાઓ કદાચ આ કામ ન બની શકે તો તેથી પણ તમે ગભરાશો નહિ. તમે વિચારતો કરી શકોછો. બસ ! વિચાર રૂપી મોટી દોલત તમારી પાસે છે, છતાં શા સારૂ તમે

દિલગીર દેખાઓછો ? કોઇ દુઃખી માણસ જેને૮ મદદ કરવા ઇચ્છતા હો, તેની પથારી સે તમે ઉભેલા છો, એવું ધારો, અને પછી પ્રેમનો જે ।દેશો તમે કહેવા માગતા હો તે પ્રેમના મજબુત વિચારે અને તેટલો વખત કરો. વિચારો એ ઝાઝવાનાં જળ નથી, પણ ખરી વસ્તુઓછે સૂક્ષ્મ પ્રકૃતિમાં તેઓ આકાર ધારણ કરે છે, અને જેઓની અંદરની આંખો ખુલ્લી થએલીછે, તેઓ વિચારની આકૃતિઓ—જુદા જુદા રંગની જોઇ શકે છે. આ રીતે ગરીબમાં ગરીબ મનુષ્ય પણ બીજાને મદદ કરી શકે, પરોપકારના કામમા ભાગ લઇ શકે માટે હે પ્રિય બાંધવો ' તમારી પાસે ધન ન હોય તો ચિંતા નહિ તમારી પદવી ઉંચી ન હોય તો ફીકર નહિ, તમારો કોઇ સ્વજન ન હોય તો ગભરાતા નહિ તમારી પાસે પ્રેમરૂપી અખુટ દોલત છે ચારે બાજુએ તેનો પ્રવાહ વહેવાવો પ્રથમ તમે ભાન રહિત ઉચ્ચ ભુવનમાં કામ કરી શકશો, અને છેવટે ભાન સહિત તમે બીજાને મદદ કરી શકશો, અને મોટી મદદગારો જેઓના પરાક્રમી અને અદ્ભુત કામો આ પુસ્તકમાં વર્ણવવામા આવ્યા છે, તેવા મદદગારોની ટુકડીમાના તમે એક થઇ શકશો. એ ઉચ્ચ ભવિષ્યને સારૂ તમે લાયક બનો એજ આ લેખકની પવિત્ર પરવરદિગાર પરમાત્મા પાસે અંતઃકરણની પ્રાર્થના છે.

મંત્રના કામ સંબંધી ખ[illegible].

પુરૂષો માટે- જલદી [illegible] રોજગાર કે નોકરી ધંધામાં લાભ કરનાર, [illegible] ટાળનાર સોની મહોરૂઆની વંચારનારઃ જીન ખવીસ પ્રેતનો ભય કાઢનાર તથા નજર કે નબળા ગ્રહોની પીડા શાંત પાડનાર વીંટી ચીઠી કે તાવીજ કરી આપું.

સ્ત્રીઓ માટે- સારો વર મેળવનાર, સ્વામીનો પ્રેમ વધારનાર, દુશ્મનોનું કે શોક્યનું જોર ટાળનાર સુવાવડમાં સંરક્ષણ કરનાર ભુત પ્રેત કે [illegible] કોઈએ કરેલા જાદુનું જોર તોડનાર અને [illegible] રક્ષા કરનાર દોરા ચીઠી કે વીંટી આપીશું.

બચ્ચાંઓને [illegible] ઉટકવું, રડવું. નજર કે ચાર ઝપટ લાગવી [illegible] તરફ જવું વાંકણી કે ગોળાનુ ઉડવું વીગર ઉપદ્રવો મટાડી મરતાં બચાવવાનો દોરો તાવીજ કરી આપીશું.

દેશાવરના ગ્રાહકોએ- [illegible] કાગળમાં પોતાનું શરનામું નામ, ઠામ, ઉમર જાત અને ધંધો લખવો. જવાબ માટે ટીકીટ બીડવી. [illegible] એજ.

માસ્તર નાનાલાલ મગનલાલ

- [illegible] - અમદાવાદ.